## ભલે ઉગા ભાણ

નીરજ વ્યાસ

# નવયુવાનોએ સમજવા જેવું...

એક જમાનો હતો જ્યારે યુવાનો પાસે જવાહરલાલ નહેરૂ જેવા આદર્શો હતા. ગાંધીજીના વિચારો માટે કુટુંબ અને રોજગારની પણ પરવા કર્યા વગર નવયુવાનો પોતાનું સર્વસ્વ લૂંટાવી દેતા હતા. યુવાન અવસ્થામાં દરેક વ્યક્તિને કંઇક કરી બતાવવાનું અદ્ભૂત ખેંચાણ હોય છે, અલબત્ હોવું જ જોઇએ. જો પરિવાર તરફ ઝુકાવ હોય અને વડિલો પ્રત્યે પ્રેમનું પલ્લું ભારે હોય તો એવા યુવક-યુવતિઓ પરિવાર માટે પોતાનો વિકાસ સાધવા પ્રયત્નશીલ રહે છે. મિત્રો, ભાઇબંધ કે સહપાઠીઓ સાથે હૃદયના ગાઢ સંબંધો સ્થપાય તો તેઓ વચ્ચે દરેકને માન થાય એવી પ્રવૃત્તિમાં વિકાસ ઇચ્છે છે.

યુવાન અવસ્થામાં હોય એવા દરેક માટે અંદરના ઉત્સાહને પ્રગતિના પંથે દોડાવવા માટે એક બહાનું જોઇએ જ છે. આ બહાનું કોઇપણ સ્વરૂપે સામે આવી શકે છે. ઘર, કુટુંબ, મિત્રો સિવાય ક્યારેક કોઇ અન્ય વ્યક્તિને આદર્શ ગણી યુવાનો પ્રગતિ માટે પ્રયત્નશીલ બનતા હોય છે. પ્રગતિશીલ હોવુ એ અલગ બાબત છે, પરંતુ ફક્ત કોઇ દિવાનગીમાં ઢસડાવવું એ પણ અલગ બાબત છે.

જ્યારે શક્તિને કોઇ યોગ્ય ઢાળ કે રસ્તો જડતો નથી ત્યારે એવી યુવાની ખુબ જોખમી હોય છે. આવી યુવાની ક્યારેક ગાંડાતુર હાથીની માફક આસપાસની સૃષ્ટિને ખેદાન-મેદાન કરી નાખે છે અને અંતે પોતે પણ નિરાશાની ખાઇમાં ફસાઇ પડે છે. યુવાનીના તરવરાટ અને શક્તિઓને બાહ્ય પરિબળોના અધારે પ્રગટ કરવાની રીત ખૂબ જ સ્વાભાવિક છે. આજના સમયમાં યુવક-યુવતીઓ પોતાની શક્તિના પ્રગતિકરણના ઉત્સાહને વેગ આપવા અનેક રસ્તાઓ શોધતા રહે છે. કોઇ રાજકીય પક્ષો તરફ મીટ માંડે, કોઇ સામાજિક સેવાભાવી સંસ્થાઓ તરફ દોડે છે, કોઇ ધાર્મિક કે આધ્યાત્મિક સંગઠનો અને વિભૂતિઓ તરફ ઢળી જાય છે. સ્વાધ્યાય પરિવાર હોય, સ્વામિનારાયણ સંપ્રદાય હોય, રામદેવજી મહારાજની પ્રવૃતિ હોય, આર્ટ ઓફ લિવીંગ હોય કે આવા જ અનેક સંગઠનો અને મિશનોમાં યુવાનોની સંખ્યાઓ હરહંમેશ વધુ જ જોવા મળશે. એનું સ્પષ્ટ કારણ છે કે યુવાનને એક માર્ગ જોઇએ છે. જીવનની ક્ષિતિજોના વિસ્તાર માટે, દૃષ્ટિના વિસ્તાર માટે અને શક્તિઓના સંચાર માટે. આ સિવાય પણ સારા અને નરસા અનેક વિકલ્પો તરફ યુવાનો દોટ મૂકે છે. ઇશ્વરનું દરેક સર્જન મૌલિક છે. એક કરતાં બીજું નોખું જ હોય છે. આમ છતાંય આપણે આપણી અંદર રહેલી શક્તિઓને પ્રગટ કરવા માટે બાહ્ય પરિબળો પર જ આધારી રહી છીએ. વિચાર હોય કે પ્રવૃતિ હોય અન્ય પર જીવનની પરિપૂર્ણતાને પામવાની વૃત્તિ યુવાઅવસ્થામાં અત્યંત દેખાય છે. આ ખરેખર તો એક રોગ સમાન જ છે. આ રોગને કાબુમાં રાખવાનો પ્રયત્ન પણ વ્યક્તિગત જ હોય શકે. કોઇના વિચાર, પ્રવૃત્તિ કે જીવનને આદર્શ બનાવતા પહેલા પોતાના પર વિશ્વાસ મેળવવો એ દરેક નવયુવાનો માટે આજના યુગનું પ્રથમ કર્તવ્ય છે. દરેક વ્યક્તિ પાસે કંઇક એવું હોય જ છે જેના દ્વારા આ વિશ્વને કોઇને કોઇ રીતે પ્રદાન કરી શકાય. આપણી અંદર એવું શું છે ? એને ઓળખી લેવાનો શ્રેષ્ઠ સમય એટલે યૌવન...

ઈ-મેઈલ : editor@kathiawadpost.com

## યુગ વિધાન

ધર્મને નામે અનુયાયીઓ
આતતાયીઓ પણ બની શકે છે.

◆ ગુણવંત શાહ

## શબ્દ વૈભવ

### આતમરામને

હજીયે ન જાગે મારો આતમરામ
મારો આતમરામ !
સમુંદર ઘૂઘવે છે દૂર, વાયુ સૂસવે ગાંડોતૂર,
સમજું ન ભરતી કે આ તે આવે છે તૂફાન !
આ તે આવે છે તૂફાન !...હજીયે.
સઢ સંધા ફડફડે, દોર ધિંગા કડકડે;
હાજર સૌ ટંડેલ, એક આ સૂનાં છે સુકાન !
મારાં સૂનાં છે સુકાન !...હજીયે.
વ્હાણ રાખું નાંગરેલું, વેપાર શી રીતે ખેડું ?
સવાયા થાશે કે જાશે મૂળગાય દામ !
મારા મૂળગાય દામ !...હજીયે.
હવે તો થાય છે મોડું વીનવું હું પાયે પડું
મારતે તો થાવા બેઠો છે ફેરો આ નકામ !
મારે ફેરો આ નકામ !
જાગો જી જાગો જી મારા આતમરામ !
વ્હાલા આતમરામ !

◆ રામનારાયણ વિ. પાઠક

## તે સચ હૈ...



### જલ બિન મછલી

લંગ ફિશ લગભગ ચાર વર્ષ સુધી પાણી વગર જીવી શકે છે

# નવી પેઢી માટે હંમેશાં ચિંતિત રહેવું જોઈએ

## સારા માણસ પાસેથી જે શીખી લ્યે તે સમજદાર બની શકે, દરેક માણસે પ્રેરણાના સ્રોત શોધવા જ જોઈએ



જે સમાજ નવી પેઢી, ભાવિ પેઢી, આવનારી પેઢીની ચિંતા કરે તે સમાજ નૈતિક ફરજ બજાવે છે તેમ સમજવું. ચિંતન અને ચિંતા કરી શકે તેવા સમાજનું ભવિષ્ય ક્યારેય અંધકારમય હોતું નથી. જગતના અનેક દેશો પોતાના નાગરિકોને કોઈ મા-બાપના વહાલા દીકરા કરતા પણ વધુ સાચવે છે. ઈંગ્લેન્ડ, અમેરિકા, ન્યુઝીલેન્ડ, દુબઈ જેવા દેશો નાગરિકો માટે થઈ શકે તેટલા તમામ સારા પ્રયત્નો કરે છે.

ઈંગ્લેન્ડમા બેકારી ભથ્થુ છે. દરેક બાબતે આમ નાગરિક જાગૃત છે. નવી પેઢી ભલે મા-બાપને છોડી જતી રહેતી હોય પણ તેના ભાવિનું આયોજન અગાઉથી તેમણે કરેલું હોય છે. આપણે ત્યાં તો માણસની 'કદર' કે કોઈ 'કિંમત' જ નથી. નવી પેઢી કે આવનારી પેઢી માટે એડવાન્સ આયોજન કરનારા દશ ટકાથી પણ ઓછા છે. ભારત જેવા દેશમાં ૪૦ કરોડ જેટલા લોકોને દી' ઉગ્યે ખાવાના'ય ફાંફા છે. અહીં સમાજના વિવિધ વર્ગો ફિરકાઓમા 'બટાઈ' ચૂક્યા છે ત્યાં ભાવિ પેઢીની સામૂહિક ચિંતાની વાત વધુ પડતી લાગે છે. જ્યાં વારે વારે, વારંવાર, વખતો વખત, ડગલેને પગલે ખોટું થતું હોય ત્યાં શાંતિ અને તેજ હોતું નથી. માણસ વારંવાર ખોટું કરે કે ખોટું બોલે તેથી કુદરત તેનાથી 'સખ્ત' નારાજ થાય છે. એ માણસ પાસે ભલે નાણાંના ભંડાર ભર્યા હોય પણ તેના 'મોં' પર નૂર (તેજ) હોતું નથી, કુદરત જેનું નૂર હણી લ્યે તે માણસ અસત્યનો સાથીદાર છે તેમ સમજી લેવામાં ભૂલ નથી.

માણસ જીવ જેમ મજાથી જીવે છે તેમ ઘણા પીડાથી કણસતા હોય છે. જ્યાં કાળો કકળાટ કે કાળો કેર હોય ત્યાં પીડા ભોગવતા લોકોની સંખ્યા લાખ્ખોની હશે પણ જે સમાજ કે માણસ સત્યના દર્પણે આગળ વધતો હશે તેના મોં પર કુદરતી નૂર ભરપૂર હશે. સારા માણસ પાસેથી જે શીખી લ્યે તે સમજદાર બની શકે, દરેક માણસે પ્રેરણાના સ્રોત શોધવા જ જોઈએ. માણસ પાણી માટે કૂવો ખોદાવે છે, જડીબુટ્ટીઓ માટે જંગલો ફેંદે છે તેમ જીવનની સ્થિરતા માટે પ્રેરણા અને સમજદારીની જડીબુટ્ટી શોધક જ રહેવું જોઈએ. વાતેવાતે વટના 'કટકા' થવાને બદલે ડગલેને પગલે સમજદારીના 'ડગલા' વધુ અસરકારક અને પરિણામ-લક્ષી હોય છે. જગતે કરોડો મહાનુભાવો એવા આપ્યા છે જે પ્રેરણાના 'વાસ્તવ'માં ઝરણા છે. બનાવટ કરતા માણસથી દૂર રહીને ચેતીને ચાલવામાં વધુ અનૂકૂળતાનો અનુભવ થશે. જગતમા કરોડો માનવી એવા છે જેમને બહુ બકવાસ કરતા 'માણસો' પસંદ નથી. ડગલેને પગલે દોઢ ડાહ્યા થતા માણસના પડછાયાથી પણ દૂર રહેવું જોઈએ. ઘણા માણસોની જબાન અવિરત 'નકારાત્મક' હોય છે. તો ઘણા 'હકારાત્મક' હોય છે. કૂતરાની લાળની ખરાબી કરતા માણસની નકારાત્મક 'જબાન' વધુ ખતરનાક હોય છે.

ઘણી વખત માણસનો જીવ બળે છે તો ઘણી વખત તેનો કોઈ જીવ બાળે છે. કોઈનું ખરાબ થતું હોય ત્યારે જીવ બળે પણ આપણ જ્યારે વાહન લઈને જતા હોઈએ અને આગળ જતો છકડાવાળો ધૂમાડાના ગોટેગોટા ઉડાડે કે પછી બાજુમાંથી પસાર થતો વાહનચાલક નાહકનો 'હોર્ન' વગાડ્યા કરે ત્યારે એ માણસ આપણો 'જીવ' બાળે છે. બીજાનો જીવ બાળવા કરતા કોઈનો જીવ ઠરે તેવું કામ સર્વોત્તમ છે. આપસમા ઝઘડા કરાવતા ધર્માન્ધો કે નેતાઓ ચાર ચોકમાં પાણીના પરબ બંધાવે તો તે સદ્કૃત્ય કર્યું ગણાશે. ઘણા અક્કલના ઓથમીર બીજાનુ 'જોતા' જ નથી હોતા, અમુકને બીજામાં રસ જ નથી હોતો તો ઘણાને માણસ માત્રની ચિંતા હોય છે. જે માણસ માત્રની ચિંતા કરે તે માનવતાવાદી ગણાય.

જે સમાજની ચિંતા કરે તેને સમાજવાદી કહેવાય અને આ બંને વાદ કરે તેને બીજાના હિતચિંતક કહેવાય. હિતચિંતકો ક્યારેય બીજાનું બૂરું કરતા હોતા નથી.

◆ મહેબૂબ મલેક

# શાસક પક્ષની વિલક્ષણતા



૨-જી સ્પેકટ્રમ કૌભાંડની સંસદીય સમિતિ દ્વારા તપાસ કરાવવાની વિરોધ પક્ષની માંગણીને લઈને સંસદમાં ચાલી રહેલ ગતિરોધ દુર કરવામાં લોકસભા અધ્યક્ષ મીરાકુમાર પણ નિષ્ફળ રહ્યાં છે,આ બાબતમાં ભાગ્યે જ કોઈને આશ્ચર્ય થાય,આવું તો બનવાનું જ હતું કારણ કે શાસક પક્ષનું રક્ષાણાત્મક વલણ વિરોધ પક્ષને તેમની માંગણી પર મકકમ રહેવા માટે વધુ બળ પુરૂ પાડી રહ્યું છે.શાસક પક્ષ પાસે આ સામાન્ય સવાલનો કોઈ જવાબ નથી કે આટલા મોટા કૌભાંડની તપાસ જેપીસીથી શા માટે થવી જોઈએ નહીં.

તેઓ જેપીસીની રચના નહીં કરવા માટે અનેક પ્રકારના બહાના તો બનાવી રહ્યા છે પરંતુ એ જણાવી રહ્યાં નથી કે તપાસની આ પધ્ધતિ અયોગ્ય અને બિનજરૂરી કેમ છે. આ સવાલના જવાબમાં તેની પાસે કાંઈ હોય તો તે ફકત કુતર્ક અને વિલક્ષણતા.

એ હાસ્યાસ્પદ છે કે દરરોજ નવેસરથી જુના કુતર્ક તો રજુ કરે છે પણ જેપીસીની તપાસમાં ખરાબી શું છે તે યક્ષ પ્રશ્નનો જવાબ તેમની પાસે નથી આ અગાઉ પણ આ પ્રકારની સમિતિઓ રચાઈ ચુકી છે જો કોંગ્રેસને એમ લાગતુ હોય કે ભૂતકાળમાં રચાયેલ સંયુકત સંસદીય સમિતિઓ પોતાનું કામ યોગ્ય રીતે કરી શકી નથી અને તે સત્યતા બહાર લાવવામાં અક્ષમ રહી છે તો પછી તેણે સ્પેકટ્રમ કૌભાંડની તપાસ માટે જેપીસીની રચનાનો સહર્ષ સ્વીકાર કરી લેવો જોઈએ.

એ દયાજનક સ્થિતિ છે કે કોંગ્રેસના રણનીતિકારોને તેનો અહેસાસ નથી કે તેમની આ વિલક્ષણતા બેકાર ગઈ કે સંસદ નહીં ચાલવા સુધી કોંગ્રેસી સાંસદો પોતાનું દૈનિક ભથ્થુ લેશે નહીં પ્રશ્ન બે હજાર રૂપિયાના દૈનિક ભથ્થાનો નથી પરંતુ પોણા બે લાખ કરોડ રૂપિયાના કૌભાંડનો છે. આ એટલી મોટી રકમ છે કે સામાન્ય માણસ તો ચકકર

### આર્તનાદ

ખાઈને નીચે પડે પરંતુ કોંગ્રેસ એ રાગ આલાપીને સંતોષ માની રહી છે કે સસંદ નહીં ચાલવા માટે વિરોધ પક્ષ જવાબદાર છે જો ખરેખર આમ હોય તો પછી તે વિરોધ પક્ષને મનાવવા માટે આટલી વ્યાકૂળ કેમ છે.તેમની વ્યાકૂળતા એ સ્પષ્ટ કરી છે કે તેમને આભાસ થઈ રહ્યો છે કે સંસદમાં જારી ગતિરોધ માટે ફકત વિરોધ પક્ષને જવાબદાર ઠરાવીને પોતાની પ્રતિષ્ઠાનું રક્ષણ થઈ શકશે નહીં.

લાગે છે કે શાસક પક્ષ એ સમજવા તૈયાર નથી કે તેનો વ્યવહાર દેશ દુનિયાને એ સંદેશો આપી રહ્યો છે કે તે સ્પેકટ્રમ કૌભાંડની સત્યતા દબાવવા માંગે છે જો તેણે કાંઈ કર્યુ ન હોય તો તે જેપીસીની રચનાથી આટલી ડરે છે શા માટે જેણે કાંઈ ખોટું કર્યુ હોય તેને ડરવાનું હોય છે. સ્પેકટ્રમ કૌભાંડની તપાસ જેપીસી પાસે એટલા માટે થવી જોઈએ કે રાજાની મનમાની અટકાવવામાં ખુદ વડાપ્રધાન પણ નિષ્ફળ રહ્યાં છે.

આ કૌભાંડની તપાસ સીબીઆઈ પાસે એટલા માટે કરાવવાનો કોઈ અર્થ નથી કે આ કૌભાંડ ઘણુ વ્યાપક છે અને બીજીબાજુ તપાસ એજન્સીએ વિશ્વસનીયતા ગુમાવી દીધી છે એ પણ ઉલ્લેખનીય છે કે સીબીઆઈની વિશ્વસનીયતા ખતમ કરવામાં સૌથી મોટી ભૂમિકા યુપીએ સરકારની છે આ સરકારની કથપૂતળી છે જો શાસક પક્ષ જેપીસીની રચના નહીં કરવા પર મકકમ રહેશે તો તે પોતાની સાખ સીબીઆઈની જેમ ગુમાવશે.